## પ્રકરણ : બે

# મધ્યકાલીન ગુજરાતી કથનાત્મક કૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો : એક પરિચય

આ પ્રકરણનું શીર્ષક ‘મધ્યકાલીન ગુજરાતી કથનાત્મક સાહિત્યમાં પ્રયોજાયેલાં કથાઘટકો : એક પરિચય’એવું છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં વિવિધ કથાઘટકો આલેખન પામ્યાં છે. અહીં પસંદગીનાં કથાઘટકોને જુદાં-જુદાં સ્વરૂપની કૃતિઓના સંદર્ભે પરિચય આપવાનું આ પ્રકરણમાં મારું લક્ષ્ય છે.

ઋષિનું કુળ અને નદીનું મૂળ શોધી શકાતું નથી. એવું જ કથા કે વારતાનું છે. કથા કે વારતાના મૂળિયાં કયાં કયાં વિસ્તરેલાં છે તે આંગળી મૂકીને બતાવી શકાય એમ નથી. હા, એ વાત કહી શકાય કે કોઈપણ કથા કે વારતાનો વિકાસ તેમાં પ્રયોજાયેલાં કથાઘટકો વડે થતો હોય છે. આ કથાઘટકો કથા કે વારતાનું ચાલકબળ બનતા હોય છે અને કથાવિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવતાં હોય છે. એથી કથાઘટકનું આ અભ્યાસક્ષેત્ર સંશોધનની અનેક શક્યતાઓ ધરાવે છે. કથાઘટકના સંશોધનથી વિશ્વની કથાઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની તારવણી, મૂલ્યાંકન અને તુલનાત્મક અભ્યાસ કરી શકાય છે. આશ્ચર્યની વાત એ છે કે વિશ્વની અનેક કથાઓમાં સમાન કથાઘટક ધરાવતાં કથાનકો પ્રાપ્ત થાય છે. જેમકે ‘સોનેરી વાળ’ વાળી રાજકુમારીનું કથાઘટક

વિશ્વની જુદી-જુદી લોકકથાઓમાં જોવા મળે છે. સમાન કથાઘટક ધરાવતાં કથાનકો એક દેશમાંથી બીજા દેશમાં કેવી રીતે પહોચ્યાં હશે, આ સમાન કથાઘટકનો કેવી રીતે એકાધિક દેશમાં ફણગો ફૂટ્યો હશે, આ કથાઘટક કેવી રીતે પાંગર્યું હશે કે ખીલ્યું હશે એ ધારણાનો વિષય છે. આ રીતે કથાઘટકનું અભ્યાસક્ષેત્ર મનુષ્યની જિજ્ઞાસાવૃત્તિને તો પ્રેરે છે સાથે સાથે સંશોધનની જુદી-જુદી દિશાઓ પણ ખોલી આપે છે.

આગળના પ્રકરણમાં જોયું તેમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કથનાત્મક સાહિત્યની સુદીર્ઘ પરંપરા રહી છે. મધ્યકાલીન સાહિત્યમાં રાસ, પ્રબંધ, પદ્યવાર્તા, આખ્યાન જેવાં કથનાત્મક સ્વરૂપો પ્રાપ્ત થાય છે. જેમાં 'અંબડવિદ્યાધર રાસ', 'આરામશોભા રાસ', 'કાન્હડદે પ્રબંધ', 'નલદવદંતી રાસ', 'નંદબત્રીસી', 'પદ્‌માવતી', 'પંચદંડની વારતા', 'પૃથ્વીચંદ્રચરિત્ર', 'બિલ્હણપંચાશિકા', 'ભરતેશ્વરબાહુબલિરાસ', 'માધવાનલકામ-કંદલાપ્રબંધ', 'વિક્રમચરિત્ર રાસ', 'વિદ્યાવિલાસ પવાડો', 'વિદ્યાવિલાસ રાસ', 'વેતાલપચીસી', 'શૃગાંરમંજરી', 'સદયવત્સવીર પ્રબંધ', 'સંદેશક રાસ', 'હંસાઉલિ', 'હંસાવતીવિક્રમચરિત્રવિવાહ' જેવી કેટલીય કથનાત્મક કૃતિઓ પ્રાપ્ત થાય છે.

મધ્યકાલીન ગુજરાતી કથનાત્મક સાહિત્યમાં અનેક કથાપ્રકૃતિઓ(talestypes)અને કથાઘટકો(motifs) પ્રયોજાયાં છે. આ કથાપ્રકૃતિઓ અને કથાઘટકોનો અભ્યાસ મધ્યકાલીન સાહિત્ય સંદર્ભે થઇ શકે એમ છે. મધ્યકાલીન કથનાત્મક સાહિત્ય કૃતિઓમાં વિવિધ કથાઘટકો આલેખન પામ્યાં છે. જેમાંના કેટલાંક કથાઘટકો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

- **અનુરાગનો ઉદ્‌ગમ**
- **આળ:- ચોરીનું આળ, ડાકણનું આળ, બળાત્કારનું આળ, વ્યભિચારિણીનું આળ**
- **અંધકારે ઓળખભૂલ**
- **કસોટીઓ :–ચારિત્ર્યની,બુદ્ધિચાતુર્યની,લગ્નની,સતીત્વ-શીલની**
- **કૃતજ્ઞ પ્રાણી કે પક્ષી**

- ગર્ભમાં સંવાદ
- ગુરુ-શિષ્યનો પ્રણય સંબંધ
- ચમત્કારિક પદાર્થ
- ચમત્કારિક વિદ્યા
- છૂપુંલગ્ન કે મિલન-અંગલક્ષણ
- દૂતકાર્ય
- દેશવટો કે ગૃહત્યાગ
- દોહદ
- નજરકેદ
- નાયક કે નાયિકાનું અપહરણ
- પરકાયા પ્રવેશ
- પ્રછન્ન શ્રવણ
- પ્રથમ દૃષ્ટિએ પ્રેમ
- પ્રભુની ભક્તને સહાય
- પ્રિયજનનાં મેળાપની યુક્તિ
- પુરુષદ્વેષિણી નાયિકા
- પૂર્વભવની સ્મૃતિ
- બોલતા પશુ-પંખી
- મૃતસંજીવન
- મહેણાં
- યુધ્ધે વિઘ્નમુક્તિ
- રૂપપરિવર્તન
- લગ્ન વખતે પાત્રબદલી
- વિશિષ્ટ રીતે ગર્ભની ઉત્પત્તિ

- **વિશિષ્ટ શક્તિ ધરાવતાં પ્રાણી-પક્ષીઓ**
- **વિશિષ્ટ શક્તિ ધરાવનાર :– હજાર હાથવાળો બાણાસૂર, દસ માથાવાળા રાવણ, સહસ્રાર્જન વગેરે**
- **સમસ્યા-સંજ્ઞાભાષા**
- **સોનેરી વાળવાળી રાજકુમારી**
- **સ્વપ્નમાં ભાવિ સંકેત**
- **સતીત્વની રક્ષામાટે સ્ત્રીચાતુર્ય**

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં ઉપરોકત જુદાં-જુદાં કથાઘટકો પ્રયોજાયાં છે. આ કથાઘટકો જે તે કથાનું ચાલકબળ કે પ્રેરકબળ રહ્યાં છે અને તે કથા વિકાસમાં મદદરૂપ પણ થાય છે. કથાઘટકો વડે સમગ્ર કથાનું પોત બંધાતું હોય છે. કથામાં કોઈ સમસ્યા કે કોઈ મુશ્કેલી આવીને ઊભી રહે ત્યારે કથાઘટક વડે એ સમસ્યાનું સમાધાન થતું હોય છે. આમ, કથાઘટક કથામાં આવી પડેલી સમસ્યાને ઉકેલનાર ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

હવે ઉપરોક્ત કથાઘટકોના કૃતિવિનિયોગની ટૂંકમાં તપાસ કરીએ.

- **અનુરાગનાં ઉદ્દગમનું કથાઘટક :**

આપણે ત્યાં વેદ, પુરાણ, ઉપનિષદ, રામાયણ અને મહાભારત જેવા પૌરાણિક ગ્રંથોમાં પ્રેમકથાનાં વિવિધ કથાનકો મળે છે.જેમકે યમ-યમી, પુરુરવા-ઉર્વશી, દુષ્યન્ત-શકુન્તલા, રામ-સીતા, કૃષ્ણ-રાધા, નળ-દમયંતી વગેરે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પણ આવાં જુદાં-જુદાં પ્રેમ કથાનકો આલેખન પામ્યાં છે. જેમકે હંસાવતી-વિક્રમ, માધવાનલ-કામકંદલા, મદન-મોહના, મારુ-ઢોલા, રૂપા-સુંદર, સદેવંત-સાવલિંગા વગેરે.

પ્રેમકથાના આરંભમાં નાયક-નાયિકા વચ્ચે 'અનુરાગનાં ઉદ્દગમ' માં કેટલાક નિમિત્તો મહત્ત્વની ભૂમિકા ભજવતાં હોય છે. જેમકે અભ્યાસ, વેપારઅર્થે, યાત્રા, મૃગયા, દેવદર્શન, ચિત્રદર્શન નિમિત્તે, સ્વપ્નદર્શન, સૌંદર્ય, ગુણ કે સંગીતશ્રવણ વગેરે.પ્રેમના નિર્માણમાં આ જુદાં-જુદાં નિમિત્તો કારણભૂત હોય છે. દા.ત. દુષ્યન્ત-શકુન્તલાના કથાનકમાં 'અનુરાગ બીજ'નાં ઉદ્‌ગમમાં મૃગયા નિમિત્ત બને છે.

'અનુરાગના ઉદ્દગમ'માં 'સ્વપ્નદર્શન'નું પણ આલેખન થતું હોય છે. નાયક કે નાયિકા એકબીજાને સ્વપ્નમાં જૂએ છે. તેઓ સ્વપ્નમાં પ્રેમનાં તાંતણે જોડાય છે, પછી સ્વપ્નભંગ થતા નાયક કે નાયિકા સ્વપ્નમાં જોયેલી વ્યકિતને પામવાની ઇચ્છા પ્રગટ કરે છે. જો એમ ન થાય તો નાયક કે નાયિકા કાશીમાં જઇ કરવત મૂકવે છે.

'વિક્રમચરિત્રરાસ'[૧]માં 'અનુરાગનાંઉદ્દગમ'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. માળવાની ઉજેણીમાં વિક્રમ રાજ્ય કરે છે. એકવાર વિક્રમને સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં તે ચંપાનગરીના રાજા ચંપકસેનની કન્યા લીલાવતી સાથે લગ્ન કરે છે. એ સમયે જ મંત્રી રાજાને જગાડે છે. જેથી વિક્રમ ક્રોધિત થાય છે ને પોતાના સ્વપ્નની વાત કરે છે.આથી મંત્રી છ મહિનામાં સ્વપ્ન સુંદરી મેળવી આપવાનું વચન આપે છે. આ રીતે 'સ્વપ્નમાં લગ્ન' 'અનુરાગનાંઉદ્દગમ'માં અગત્યનું પરિબળ બને છે.

'રૂપ-સુંદર કથા' [૨] માં 'અનુરાગનાંઉદ્દગમ'માં 'વિદ્યાભ્યાસ' નિમિત્ત બને છે. ચંદ્રવતી નગરીમાં ચંદ્રસેન રાજા રાજ્ય કરે છે. ચંદ્રસેનને ત્યાં રૂપા નામની રાજકુમારીનો જન્મ થાય છે. પુત્રી રૂપા બુદ્ધિશાળી જણાતા ચંદ્રસેન રાજા તેનાં અભ્યાસની વ્યવસ્થા ગોઠવે છે. રાજા પુરોહિત વિશ્વનાથને રૂપાના અભ્યાસ માટેની નિમણૂક કરે છે. ત્યાં વિદ્યામંદિરના એકાન્તમાં વિશ્વનાથના પુત્ર સુન્દર અને રાજકુમારી રૂપા વચ્ચે પ્રણય પાંગરે છે. આ રીતે 'વિદ્યાભ્યાસ' રૂપા અને સુન્દરના પ્રેમમાં નિમિત્ત બને છે.

---

૧ઉદયભાનુકૃત વિક્રમચરિત્રરાસ, પૃ.૪
૨માધવકૃત રૂપ-સુંદરકથા, સં.હસુ યાજ્ઞિક પૃ.૩૩

'હંસાવતીવિક્રમચરિત્રવિવાહ'[3]માં   અવંતીનગરીના રાજા વિક્રમાદિત્યપોતાના કુંવર વિક્રમચરિત્ર માટે પદ્મિની કુંવરી શોધવાનું કામ પ્રધાન રાજપાલને સોંપે છે. પ્રધાન ખંભાતના રાજા ત્ર્યંબકરાયની પુત્રી હંસાને જુએ છે. તેને જોઇને પ્રધાન રાજકુંવર વિક્રમચરિત્રને મળે છે. તે હંસાના રૂપ અને ગુણના ભારોભાર વખાણ કરે છે. એ સાંભળીને રાજકુમાર પ્રેમમુગ્ધ બને છે. હંસાઘેલો બનેલો વિક્રમચરિત્ર હંસાનું મુખદર્શન કરીને જ અન્ન લેવાની પ્રતિજ્ઞા કરે છે. આ રીતે 'સૌંદર્યશ્રવણ' અને 'ગુણશ્રવણ' નિમિત્તે 'અનુરાગનો ઉદ્દગમ' થાય છે.

'બિલ્હણ-પંચાશિકા'[4]માં 'અનુરાગનાંઉદ્દગમ'નું કથાઘટક પ્રયોજાયું છે. અહીં 'અભ્યાસ' નિમિત્તે બંને પ્રેમમાં બંધાય છે. પાટણમાં અણહિલવાડમાં વીરસિંહ નામે રાજાને શશીકલા નામે કુંવરી હતી. એકવાર બિલ્હણ કવિએ કામક્રીડાનું સુંદર કાવ્ય રાજાને સંભળાવ્યું. આથી રાજા આ કાવ્યની નકલ કરવાનું વિચારે છે. શશીકલાને રાજા લહિયા તરીકે નિમણૂક કરે છે. પરસ્પર આકર્ષણ ન થાય એ માટે રાજા એક અંધ છે અને બીજી કોઢણી છે એવી યુક્તિ કરી બન્ને વચ્ચે પડદો બંધાવે છે. એક દિવસ કવિએ એક કવિત કહ્યું. આથી શશીકલા તેનો પૂર્વાર્ધ લખી શકી. પરંતુ વારંવાર કહેવા છતાંય તેનો ઉત્તરાર્ધ લખી શકી નહીં. થોડીવાર પછી શશીકલાએ કહ્યું :'આંધળા બોલ'ને કવિએ કહ્યું 'કોઢણી લખ' એમ કરતાં પડદો હટી જાય છે ને કવિનું રૂપ જોઈ શશીકલા તેનાં પ્રેમમાં પડી જાય છે.

આ રીતે 'અનુરાગનાં ઉદ્દગમ'નું આ કથાઘટક કથારસને જીવંત રાખે છે ને કથાસંરચનાને ઘડે છે. સાથે જુદાં-જુદાં નિમિત્તો અનુરાગનાં ઉદ્દગમમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

- **આળનું કથાઘટક :**

'આળ' એટલે જુઠ્ઠો આરોપ. એક વ્યકિત પર શંકા કે વહેમના કારણે તેનાં પર આળ મૂકવામાં આવે છે. ક્યારેક પોતાનું કાર્ય સાધવા માટે એ વ્યકિત પર આળ મૂકવામાં આવે છે. આળ જેનાં પર મૂકાય છે તે વ્યકિત પોતાના પર મુકાયેલું આળ જુઠ્ઠું છે એ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. ક્યારેક અન્ય વ્યકિતની મદદથી કે પછી અલૌકિક સહાયથી પોતાના પર મૂકાયેલ આળ ખોટું છે એ

૩ હંસાવતીવિક્રમચરિત્રવિવાહ, પૃ.૧૦
૪બિલ્હણ-પંચાશિકા,પૃ. ૮૭

પૂરવાર થતું હોય છે. ‘ચોરીનું આળ’, ‘ડાકણનું આળ’, ‘બળાત્કારનું આળ’, ‘વ્યભિચારિણીનું આળ’, ‘મૃત્યુનું આળ’ એમ જુદાં-જુદાં પ્રકારના આળ હોય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આળનું કથાઘટક નીચે પ્રમાણેના કથાનકોમાંથી પ્રાપ્ત થાય છે.

‘હંસાઉલી’[૫]માં ‘બળાત્કારનું આળ’નું કથાઘટક પ્રયોજાયું છે. ગેડીદડાની રમતમાં હંસના ફટકાથી દડો રાજમહેલમાં જાય છે. તેની તપાસ માટે હંસ અપરમાતા લીલાવતીના મહેલમાં જાય છે. હંસને જોતાં જ લીલાવતી કામાતુર બને છે. કામાતુર બનેલી લીલાવતી હંસને પોતાની સાથે કામભોગ કરવાનું કહે છે. વળી, તેને રાજાને મરાવીને રાજ્યાસન આપવાનું પ્રલોભન આપે છે. હંસ લીલાવતીને ધુત્કારીને દડો લઇ ચાલતો થાય છે. લીલાવતી પોતાનાં વસ્ત્રો ફાડી, શરીરને નખે વલૂરીને રાજા સમક્ષ હંસે પોતાના પર બળાત્કાર કર્યો છે એવું આળ મૂકે છે. જેથી રાજા પ્રધાનને બોલાવી બન્ને કુંવર હંસ અને વત્સરાજને મારી નાખવાનો આદેશ આપે છે.

‘શીલોપદેશમાલા-બાલાવબોધ’[૬]ઋષિદત્તા સાથે વિવાહ કરી કુમાર કનકરથ નગરમાં આવે છે. આ વાત કાવેરી નગરીના રાજા સુંદરપાણિ જાણે છે કે કુંવર માર્ગમાંથી જ ઋષિની પુત્રીને પરણીને પાછો ગયો છે. રુકમણી એ વાત સાંભળે છે. જેથી રુકમણી સુલસા નામની યોગિનીને પોતાની પાસે બોલાવે છે.તે યોગિનીને ઋષિદત્તાને કલંકિત કરવાનું જણાવે છે જેથી કુમારને પોતાનો પતિ બનાવી શકાય.સુલસા યોગિની એક મનુષ્યને મારી નાખે છે. તે કનકરથના મહેલમાં આવે છે. યોગિની ઋષિદત્તાના મુખને લોહીથી ખરડી દે છે ને માંસનો પીંડ તેની ગોઠડીએ બાંધી દે છે. એવામાં કનકરથકુમારને મનુષ્ય મરાયો છે તેની જાણ થાય છે. ત્યારે કુમાર ઋષિદત્તાનું મુખ જુએ છે. તો તે લોહીથી ખરડાયેલું હોય છે. વળી, તેની ગાંઠડીએ માંસનો પીંડ જુએ છે. આથી કુમાર ઋષિદત્તાને ડાકણમાની મનુષ્યના ‘મૃત્યુનું આળ’ મૂકે છે.

‘નંદબત્રીસી’[૭] માં ‘વ્યભિચારિણીના આળ’નું કથાઘટક પ્રયોજાયું છે. પ્રધાન વૈરોચન કચ્છમાંથી ઘોડા લઇને પાછો આવે છે. દ્વારપાળના કાનમાં મૂલ્યવાન કુંડળ અને શરીર પર કિંમતી શાલ જુએ છે. ઘરમાં પ્રવેશતા પદ્મિની પાસે રાજાની વીંટી જુએ છે. જેથી વૈરોચન પત્નીના વ્યભિચાર પર શંકા કરે છે. પોપટ અને પદ્મિની પ્રધાનને સમજાવે છે કે રાજા જે આશયથી આવેલો

---

૫ હંસાઉલી,પૃ.૩૯
૬ શીલોપદેશમાલા-બાલાવબોધ, પૃ. ૯૯
૭ નંદબત્રીસી, પૃ. ૧૬૩

તેણે રાણીએ અને મેં ચતુરાઈપૂર્વક પાછો મોકલી દીધો. એ છતાં વૈરોચન સાચી વાત માનતો નથી ને પદ્મિની પર શંકા કરે છે.

- **કસોટીનું કથાઘટક :**

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં કસોટીનું કથાઘટક એક વિલક્ષણ કથાપ્રયુકિત તરીકે પ્રયોજાયું છે. 'અભયકુમાર મંત્રીશ્વર રાસ'[૮]માં 'બુદ્ધિચાતુર્યની કસોટી'નું કથાઘટક આ પ્રમાણે મળે છે. મગધદેશનાં કુશાગ્રપુરમાં પ્રસેનજીત રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામની પટરાણી હતી. ધારિણીને શ્રેણિક નામે એક પુત્ર હતો. પ્રસેનજિત રાજાને બીજી અનેક રાણીઓ હતી. તેમના પણ જુદા-જુદા ઘણા પુત્રો હતા. પ્રસેનજિત રાજાએ એકવાર પુત્રોની 'બુદ્ધિચાતુર્યઅંગેની કસોટી' કરવાનું વિચાર્યુ. જેથી રાજા એકવાર સૌ કુમારોને બોલાવે છે ને ભોજનનું નિમંત્રણ આપે છે.બધા કુમારો એક સાથે ભોજન આરોગે છે ત્યારે રાજા કૂતરાઓ છોડાવે છે. કૂતરાંઓના અવાજથી સૌ કુમારો પોતાની થાળી મૂકીને  નાસી જાય છે. કેવળ શ્રેણિક ત્યાંથી જતો નથી.શ્રેણિક કૂતરાંઓને બીજાની થાળીમાંથી ભોજન પીરસે છે ને પોતે પોતાની થાળીમાંથી જમે છે. આ રીતે પ્રસેનજિત રાજા પુત્રોના 'બુદ્ધિચાતુર્યની કસોટી' કરે છે.

'પદ્‌માવતીની વારતા'[૯] માં 'લગ્નની કસોટી'નું કથાઘટક આલેખન પામ્યું છે. ચંપકસેન રાજા અને પદ્‌માવતી રાણીને પુષ્પસેન નામે બત્રીસલક્ષણો પુત્ર હતો. પુષ્પસેન એકવાર મિત્ર બુદ્ધિસાગર સાથે મૃગયા ખેલવા જાય છે. ત્યારે એક અત્યંત સ્વરૂપવાન કન્યા સરોવર કિનારે ઊભેલા પુષ્પસેનને જુએ છે. સુલોચના પુષ્પસેન પર મોહી પડે છે. તેની સાથે લગ્ન કરવાની પ્રતિજ્ઞા કરે છે.નહિતર પ્રાણ ત્યાગવાનું વિચારે છે. જેથી સુલોચના પાણીનું બેડું માથે મૂકીને પુષ્પસેનની સામે આવે છે.તે પુષ્પસેનને તીરંદાજીની કસોટી કરવાનું આહ્‌વાન આપે છે. સુલોચના પુષ્પસેનને કહે છે : 'જો તારું તીર મારા માથા પરના ઘડાને વીંધે તો હું મારો એકાવળ હાર ભેટ આપું, પણ જો હું તારા લક્ષ્યને ચૂકાવું તો તારે મારી સાથે લગ્ન કરવા'. પુષ્પસેન ધનુર્વિદ્યામાં પારંગત હતો. તે સુલોચનાની

---

૮ અભયકુમાર મંત્રીશ્વર રાસ, મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, પૃ.૩૭
૯ પદમાવતીની વારતા, બૃહત્‌કાવ્યદોહન, પૃ.૧૨૭૨

શરત સ્વીકારી લે છે. પુષ્પસેન સુલોચનાના માથા પરના ઘડાને વિંધવા બાણ છોડે છે. સુલોચના પુષ્પસેનનુ બાણ ચૂકવી દે છે. આ રીતે 'લગ્નઅંગેની કસોટી'નું કથાઘટક અહીં આલેખન પામ્યું છે.

'વેતાલપચીસી'[૧૦]ની પહેલી કથામાં 'પ્રેમનાં પારખાં'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. એક બ્રાહ્મણને ત્યાં પરદેશથી આવેલા અનેક શિષ્યો અભ્યાસ કરતાં હતા. તેમાં આભલશર્મા નામના શિષ્યને કુંકુમરોલ નામની કન્યા સાથે પ્રેમ હોય છે. સૌ સાથીઓ કુંકુમરોલના પ્રેમનાં પારખાં કરે છે. એકવાર આભલશર્માને અંગેની પૂછતાછ કુંકુમરોલ અન્ય વિદ્યાર્થી સાથે કરે છે. ત્યારે વિદ્યાર્થીઓ કુંકુમરોલને કહે છે કે આભલશર્માને રોગ થયો છે. થોડા દિવસ પછી, આભલશર્માનું અવસાન થયું છે એવું કહે છે ને  તેઓ આભલશર્માને સ્મશાને લઈ જાય છે. આ વાત કુંકુમરોલ જાણે છે. જેથી તે આભલશર્મા સાથે સતી થવા સ્મશાને પહોંચે છે ને તેની ચિતા પર ચઢી બેસે છે.આ રીતે સૌ સાથીઓ કુંકુમરોલના આભલશર્મા પ્રત્યેના 'પ્રેમની પરીક્ષા'કરે છે.

'ચંદ્રશિખરનો રાસ'[૧૧]માં શીલવતીના કથાનકમાં 'સતીત્વની કસોટી'નું કથાઘટક પ્રયોજાયું છે. એકવાર રાજા અને અજિતસેન નગરની બહાર એક સામંતને વશ કરવા જાય છે. ત્યારે રાજાને અજિતસેનના ગળામાં સદાય તાજી રહેતી ફૂલમાળા જોઈને આશ્ચર્ય થાય છે. ત્યારે અજિતસેન આ માળા પોતાની પત્નીના સતીત્વની છે. પોતાની પત્નીનું શીલ અખંડ રહેશે ત્યાં સુધી આ માળા કરમાય નહિ એમ જણાવે છે. જેથી રાજા શીલવતીના 'સતીત્વની કસોટી' કરવા પ્રધાનોને મોકલે છે. શીલવતી યુકિતપૂર્વક એ પ્રધાનોને કૂવામાં નાખે છે.

- **કૃતજ્ઞ પ્રાણી કે પક્ષીનું કથાઘટક :**

જિનહર્ષકૃત 'આરામશોભારાસ'[૧૨]માં'કૃતજ્ઞ પ્રાણી' તરીકે નાગનું આલેખન કરવામાં આવ્યું છે. એકવાર વિદ્યુતપ્રભા ગાયો ચરાવવાં વનમાં જાય છે. ત્યારે એક નાગ તેની પાસે આવે છે અને કહે છે : 'હે બાળકી! મારા પ્રાણને તું બચાવ. મારીપાછળ ગારુડીઓ પડ્યા છે. તું મારામાં વિશ્વાસ રાખ અને મને તારાં વસ્ત્રો નીચે સંતાડી દે, નહીં તો ગારુડીઓ મને કરંડિયામાં પૂરીને લઈ જશે.

---

૧૦ વેતાલપચીસી, પૃ.૫૦-૫૧
૧૧ ચંદ્રશિખરનો રાસ, મધ્યકાલીન ગુજરાતી કથાકોશ,પૃ.૩૭
૧૨ આરામશોભારાસ, પૃ.૮-૯

દેવની શકિત કરતાં મંત્રની શકિત મહાન છે'. જેથી વિદ્યુતપ્રભા નાગને સંતાડી દે છે. એ પછી ગારુડીઓ વિદ્યુતપ્રભા પાસે આવીને નાગ વિશે પૂછે છે. ત્યારે વિદ્યુતપ્રભા હું કંઇ નથી જાણતી એમ કહે છે.આથી ગારુડીઓ જતાં રહે છે. ગારુડીઓ જતાં નાગ પ્રગટ થાય છે ને વિદ્યુતપ્રભાને કહે છે : 'હે ગુણવાન બાલિકા, ધન્યવાદ!તારા ઉપકારથી હું બચ્યો છું. તું મારી પાસે જે જોઇએ તે માંગ'. ત્યારે વિદ્યુતપ્રભા કહે છેઃ 'હું ગાયો ચરાવું છું તો સૂર્ય તપે છે ને મને સખત ગરમી લાગે છે, એ ગરમી દૂર થાય એવું કંઇક કરો.' ત્યારે નાગદેવ હંમેશા છાંયડો રહે અને સદાય આરામ આપે એવો બગીચો વરદાનમાં આપે છે. અને, કહે છે કે દુઃખ સમયે તું મારું સ્મરણ કરીશ ત્યારે હું પ્રત્યક્ષ થઇશ. આમ, નાગરાજ પોતાને બચાવનાર વ્યકિતને મદદરૂપ થઇ પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરે છે.

શામળકૃત 'નંદબત્રીસી'[13]માં સ્વામી ભકત, ચતુર પોપટનું કથાઘટક પ્રયોજાયું છે.પ્રધાન પત્ની પદ્મિનીમાં પોતાનું મન આસકત થયેલું એથી રાજા વૈરોચન પ્રધાનને ઘોડા ખરીદવાના બહાને કચ્છ મોકલે છે. મધરાતે રાજા પ્રધાનને આવાસે આવે છે. રાજા અંદર પ્રવેશતા પાંજરામાનો પોપટ અને પદ્મિની રાજાનું મન કળી જાય છે. પોપટ રાજાનો સત્કાર કરે છે અને કહે છે : તમારાં પુત્ર સમાન પ્રધાનની ગેરહાજરીમાં પુત્રવધૂની ખબર કાઢવાં આવ્યા તે ઉચિત કર્યું. પોપટ વારંવાર રાજા સમક્ષ પ્રધાનને પુત્ર સમાન અને પ્રધાન પત્નીને પુત્રવધુ સમાન ઠરાવે છે. વળી રાજાને ઉચિત કર્મ કરવાનાં જુદાં-જુદાં દષ્ટાંતો આપે છે. વળી, તે પ્રધાનને પણ પોતાની પત્નીના ચારિત્ર્યઅંગેની વાત જણાવે છે.

'સૂડાબહોંતેરી'[14]ની કથામાં 'કૃતજ્ઞ પંખી' નું કથાઘટક આલેખન પામ્યું છે. પુરંદરનગરમાં એક વણિકનાં લગ્ન સોળ વર્ષની કન્યા સાથે થાય છે. વયભેદ હોવાં છતા બન્ને વચ્ચે ગાઢો સ્નેહ બંધાય છે. એકવાર વેપારઅર્થે શેઠને બહાર ગામ જવાનું થાય છે. આઠ માસનો વાયદો કરીને શેઠ નીકળી પડે છે. સમયની અવધિ પૂરી થાય છે. શેઠને આવવામાં મોડું થાય છે. વસંતઋતુમાં પત્ની કામાતુર બને છે. તે દાસીની ગોઠવણીથી પ્રેમીને મળવા જાય છે. સોળે શણગાર સજીને નીકળેલી પ્રભાવતીને મેના વ્યભિચાર ન કરવા રોકે છે. આથી પ્રભાવતી મેનાની ડોક મરડીને ફેંકી દે છે. બીજે દિવસે સજીધજીને પ્રભાવતી બહાર નીકળે છે ત્યારે પોપટ કહે છે : 'જે યારી કરવા જાય તેની પાસે તે કશા સંકટમાં ફસાઇ જાય, ત્યારે તેમાંથી છૂટવાની આવડત અને ચતુરાઇ ન હોય તો તેને મરવાનો

૧૩ નંદબત્રીસી, પૃ. ૧૬૩
૧૪ સૂડાબહોંતેરી (ગધસાર), પૃ.૨

પ્રસંગ આવે. આ રીતે ચતુરાઈપૂર્વક પોપટ પ્રભાવતીને રોજ નવી કથા કહેતો જેથી પ્રભાવતીને જારકર્મ કરતાં અટકાવતો. આમને આમ બોંતેર દિવસ સુધી કથા ચાલુ રહી. તોંતેરમે દિવસે શેઠ આવે છે. પ્રભાવતી કથાકીર્તન કરતી, સદાવ્રત આપતી ઘરને આંગણે બેઠી છે. આ રીતે 'કૃતજ્ઞ પક્ષી' પોપટ પ્રભાવતીને વ્યભિચાર કરતાં અટકાવે છે, શીલભ્રષ્ટ થતાં અટકાવે છે. એ દષ્ટિએ આ કથાઘટક 'સૂડાબહોંતેરી' કથાસંરચનામાં તેમજ અવનવી કથાઓના વિકાસમાં ઘણું મહત્ત્વનું ચાલકબળ બની રહે છે.

આમ, 'કૃતજ્ઞ પ્રાણી કે પક્ષી'નું કથાઘટક કથામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કથામાં આ કથાઘટકનું નાયક કે નાયિકાના ચારિત્ર્યની રક્ષા કરવાનું છે અને પોતાના સ્વામી પરત્વેની સ્વામીભક્તિ અદા કરવાનું છે.

- **ચમત્કારી પદાર્થનું કથાઘટક :**

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'ચમત્કારી પદાર્થ'નું કથાઘટક વિવિધ કથાનકોમાં આલેખન પામ્યું છે. 'ચમત્કારી પદાર્થ' તરીકે 'ચમત્કારી ટીંબો', 'ચમત્કારી બગીચો', 'ચમત્કારી વીંટી', 'ચમત્કારી ગોટી', 'ચમત્કારી ઔષધિ, 'ચમત્કારી દંડ', 'ચમત્કારી વૃક્ષ', 'ચમત્કારી પાણી', 'ચમત્કારી ફળ', 'ચમત્કારી કમળ', 'ચમત્કારી પાનબીડા', 'ચમત્કારી સોટી', 'ચમત્કારી અંજન' જેવા આ કથાઘટકના અનેક રૂપાંતરો મળે છે. 'ચમત્કારી પદાર્થ' ના કથાઘટકવાળી કથામાં કોઈ સમસ્યા આવીને ઊભી હોય ત્યારે તેનું સમાધાન કોઈ ચમત્કારી પદાર્થના અવલંબન દ્વારા થાય છે. ચમત્કારજન્ય કથાઘટકનું આલેખન કથારસને દ્રવતો રાખવામાં મદદરૂપ બને છે અને કથામાં આવી પડેલ ગૂંચ કે સમસ્યાને ઊકેલી આપે છે.

'ચંદ્રશિખર રાસ'[૧૫]માં 'ચમત્કારિક અંજન'નું કથાઘટક આલેખાયું છે. ચંદ્રશેખર એકવાર શૂન્યનગરમાં જાય છે. ત્યાં સોનાના ઢોલિયા પર એક બિલાડીને જુએ છે. બિલાડીના ઓશિકા પર બે દાબડીઓ હોય છે. એક રાતા અંજનની અને બીજી ધોળા અંજનની. ચંદ્રશેખર બિલાડીને ધોળું અંજન આંજે છે. જેથી બિલાડી સ્ત્રીનું રૂપ ધારણ કરે છે. તે સ્ત્રી રતિસુંદરી હોય છે જે ચંદ્રશેખરને

---

૧૫ચંદ્રશિખર રાસ, મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, પૃ.૯૩

પોતાની વીતકકથા કહે છે. એક રાક્ષસ તેનું અપહરણ કરીને શૂન્યનગરમાં લઇ આવ્યો હોય છે. તે જ્યારે બહાર જતો ત્યારે એને રાતું અંજન આંજી દેતો. અને જ્યારે પાછો આવતો ત્યારે ધોળું અંજન આંજી દેતો. આ રીતે રાક્ષસ 'ચમત્કારી અંજન' દ્વારા નાયિકાને પોતાની અનુકૂળતા મુજબ સ્ત્રીમાંથી બિલાડી અને બિલાડીમાંથી સ્ત્રી બનાવી દેતો.

'સિંહાસનબત્રીસી'[૧૬] ની દસમી કથામાં 'ચમત્કારી ફળ' નું કથાઘટક આલેખન પામ્યું છે.એકવાર ઉજ્જયિનીમાં સર્વ વિદ્યાશાસ્ત્રમાં પારંગત યોગી આવે છે. યોગીએ વિક્રમને જરામરણરહિત બનાવે તેવાં મંત્રનું અનુષ્ઠાન શિખવાડ્યું. ત્યારે વિક્રમે એક વરસ દરમિયાન બ્રહ્મચર્યનું પાલન કર્યુ.પછી વિધિપૂર્વક હોમ કર્યો. હોમમાંથી એક પુરુષ પ્રગટ થયો. પ્રગટ થયેલાં પુરુષે વિક્રમના હાથમાં એક ફળ આપ્યું ને કહ્યું આ 'ચમત્કારી ફળ' ખાવાથી એ જરામરણરહિત બનશે અને વજ્ર જેવી કાયા થશે. ફળ લઇને વિક્રમ નગરીમાં આવતો હોય છે ત્યારે રસ્તામાં વિક્રમ એક કુષ્ઠરોગી બ્રાહ્મણને જૂએ છે. અને તેને ચમત્કારીક ફળ આપી દે છે.

'રૂપસેનચતુષ્પદિકા'[૧૭] માં 'ચમત્કારિક જડીબુટ્ટી'નું કથાઘટક મળે છે. એકવાર યોગી-યોગિની એક વડ નીચે બેઠા હોય છે. તેઓ જતા-જતા 'ચમત્કારીક જડીબુટ્ટી' ભૂલી જાય છે. એ જડીબુટ્ટીને રૂપસેન લઇ લે છે. આ જડીબુટ્ટીમાં એવો ગુણ હોય છે કે તેને ડાબી બાજુએ સૂંઘવાથી મનુષ્ય વાનર બની જાય ને જમણી બાજુએ સૂંઘવાથી ફરીથી તે મનુષ્યરૂપને પ્રાપ્ત કરે. રૂપસેન જડીબુટ્ટી સૂંઘે છે અને વાનર બની જાય છે. પોતાની ચમત્કારીક વસ્તુઓ મેળવવા માલણની સહાયથી કનકાવતી પાસે આવે છે. કનકાવતી વાનરને ખરીદી લે છે. રાત્રે જ્યારે કનકાવતી સૂતી હોય છે ત્યારે રૂપસેન તેને જડીબુટ્ટી સૂંઘાડે છે. તે વાનરી બની જાય છે. આથી રાજા ઢંઢેરો પીટાવે છે કે જે કોઇ કનકાવતીને સાજી કરશે તેને પોતાનું અર્ધું રાજ્ય આપશે અને રાજકુંવરી પરણાવશે. હવે રૂપસેન કનકાવતીને ડાબી બાજુએ ચમત્કારીક જડીબુટ્ટી સૂંઘાડે છે જેથી તે પોતાનું અસલ સ્વરૂપધારણ કરે છે. આ રીતે 'ચમત્કારી જડીબુટ્ટી' વડે તેને ઇચ્છિત વસ્તુઓ અને સાથે-સાથે રાજકુમારી કનકાવતી પણ પ્રાપ્ત થાય છે.

---

૧૬ મલયચન્દ્રકૃત સિંહાસનબત્રીસી, પૃ.૪૧
૧૭ રૂપસેનચતુષ્પદિકા, મધ્યકાલીન કથાકોશ, પૃ.૨૪૬

- **છૂપું લગ્ન કે મિલન-અંગલક્ષણનું કથાઘટકઃ**

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં આ કથાઘટક નાયક-નાયિકાના મિલન સંદર્ભે પ્રયોજાયું છે. નાયક નાયિકાના મહેલમાં છૂપી રીતે મળવા આવે છે જેને કારણે નાયિકાનો પુરુષસંગ થાય છે. ત્યારે નાયિકાના દેહમાં પરિવર્તન જોવા મળે છે. નાયિકાનો દેહપરિવર્તન થતાં તે રાજા, રાણી, પ્રધાન કે સેવકોની નજરે ચઢે છે.તેથી તેના ગુપ્ત મિલન વિશે તપાસ કરાવવામાં આવે છે. જો નાયિકા સાચી હકીકત ન કહે તો તેનાં પ્રેમીની શોધ આદરવામાં આવે છે. નાયિકાના પ્રેમીની ભાળ મળતા તેને સજા અથવા તો તેની સાથે યુધ્ધ કરવામાં આવે છે.

જર્નાદનકૃત 'ઉષાહરણ'[૧૮]માં 'છૂપું લગ્ન કે મિલન-અંગલક્ષણ' નું કથાઘટક પ્રયોજાયું છે. ઉષા સ્વપ્નમાં અનિરુદ્ધ સાથે લગ્ન કરે છે. જેથી ચિત્રલેખા ઉષાના સ્વપ્નના વરને અપહરણ કરીને લઈ આવે છે. ચિત્રલેખા બન્નેના ગાંધર્વવિવાહ કરાવે છે. અનિરુદ્ધ ઉષા સાથે તેનાં મહેલમાં રહેવા લાગે છે. બન્ને વચ્ચે પ્રીતિ બંધાય છે ને દેહમિલન થાય છે. પુરુષસંગ થતાં ઉષાના દેહમાં પરિવર્તન આવે છે. તેના  દેહમાં બાળકી મટી સ્ત્રીના ચિહ્નો પ્રગટે છે. ઉષાના દેહમાં આવેલાં પરિવર્તનો રક્ષકોની નજરે ચઢે છે. જેથી ઉષાના મહેલમાં પરપુરુષ હોવાનો સંદેહ થાય છે. તેઓ સઘળી ઘટના બાણાસુરને જણાવે છે. બાણાસુર ઉષાના મહેલની તપાસ કરાવે છે. પછી બાણાસુર અને અનિરુદ્ધ વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. આ રીતે ઉષા અને અનિરુદ્ધનું 'છૂપું મિલન-અંગલક્ષણે' પ્રગટ થાય છે.

'રૂપ-સુન્દર-કથા'[૧૯]માં 'છૂપું મિલન-અંગલક્ષણ'નું કથાઘટક પ્રયોજાયું છે. નાયક-નાયિકાનું 'છૂપું મિલન' નાયિકાના પિતાની દષ્ટિએ ચઢે છે. રૂપા અને સુન્દર પરસ્પર અભ્યાસ નિમિત્તે પ્રેમમાં પડે છે. રૂપા સુન્દરને લગ્ન કરવાનું વચન આપે છે. એક રાત્રિએ સુંદર રૂપાનાં મહેલમાં મળવા જતો હતો ત્યારે રસ્તામાં રાજા મળે છે. રાત્રિચર્યા દરમિયાન રાજાએ પડો વગાડ્યો હતો કે કોઈએ બહાર ન નીકળવું. રાજાજ્ઞા ભંગ થતા રાજાએ સુન્દરને પકડ્યો. સુન્દર પોતાના મિત્રને રાજા પાસે જામીન રાખીને નીકળી પડે છે. રાજા છૂપી રીતે સુંદર ક્યાં જાય છે તે જૂએ છે. સુન્દર છૂપી રીતે રાજકુમારી રૂપાના મહેલમાં દોરડા વડે જાય છે ને તેની સાથે પ્રેમાલાપ કરે છે. સવાર થતા સુન્દર વધસ્થળે રાજા પાસે જાય છે ને મિત્રધર્મ નિભાવે છે. રાજા સુન્દરના ગુણ જોઈને તેના લગ્ન રૂપા સાથે કરે છે.

---

૧૮જર્નાદનકૃત 'ઉષાહરણ', પૃ. ૬૩
૧૯માધવકૃત રૂપ-સુન્દર-કથા, પૃ. ૪૨

શામળકૃત ‘રૂપાવતી’ [૨૦] પદ્યવાર્તામાં ‘છૂપું મિલન-અંગલક્ષણ’નું કથાઘટક નાયક-નાયિકાના મિલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અભ્યાસ દરમિયાન સમસ્યાઓની આપલે થતાં બદ્ધિશાળી ગુરુપુત્ર પ્રત્યે રૂપાવતી આકર્ષાય છે. જેથી બન્ને વચ્ચે અનુરાગ જન્મે છે.એકવાર રૂપાવતી ગુરુપુત્રને મળવા બોલાવે છે. ગુરુપુત્ર ભિક્ષુકવેશ ધારણ કરીને રૂપાના મહેલમાં જાય છે ને બન્નેનું મિલન થાય છે. એ સમયે જ રાજા પુત્રીના મહેલમાં આવી ચઢે છે. રાજા રાજકુમારીના પહેરવેશમાં આવેલા પરિવર્તનને જોઇને શંકા અનુભવે છે કે કોઇ પુરુષ અહીં આવ્યો છે. ત્યારબાદ રાજા ચાલ્યો જાય છે. આ બાજુ આઠ દિવસ પછી મળવાનો વાયદો લઇ રૂપાવતી ગુરુપુત્રને વિદાય આપે છે. આઠમા દિવસે સિપાઇઓ ગુરુપુત્રને પકડી પાડે છે. ત્યારે શ્રેષ્ઠીપુત્ર તેજપાળ કેદી તરીકે રોકાય છે. સવારે તેજપાળને સૂળીએ ચઢાવવામાં આવે છે ત્યારે ગુરુપુત્ર પહોંચીને પોતાને સૂળી આપવાનું કહે છે. તો રાજકુમારી બ્રાહ્મણપુત્રને બદલે પોતાને સૂળી મળવી જોઇએ એમ જણાવે છે. જેથી રાજા નક્કી નથી કરી શકતો કે શૂળી કોને મળવી જોઇએ? એ દરમિયાન રાજા વિક્રમને ન્યાય કરવાનું કહે છે ત્યારે વિક્રમ ઇશ્વરની શોધઅર્થે નીકળી પડે છે. છેવટે સૌને કહે છે કે ઇશ્વરે બધાં નિર્દોષ હોઇ સર્વને મુકિત આપવાનું જણાવ્યું છે. અંતે ગુરુપુત્ર અને રૂપાવતીના લગ્ન થાય છે. આ રીતે ‘છૂપાં મિલન’નું કથાઘટક રાજાની નજરે ચઢે છે. આ કથાઘટક ગુરુપુત્રને છેક રાજકુમારી રૂપાવતી સાથેના લગ્ન સુધી લઇ જાય છે ને બન્નેનું મિલન થાય છે.

- **દેશવટો કે ગૃહત્યાગનું કથાઘટક :**

‘દેશવટો કે ‘ગૃહત્યાગ’નું કથાઘટક આપણાં પ્રાચીન ગ્રંથ રામાયણ-મહાભારતથી માંડીને છેક મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સુધી વિસ્તાર પામ્યું છે. ‘દેશવટો કે ગૃહત્યાગ’નાં કથાઘટકમાં ‘યાત્રા કે જાત્રા’, ‘અપરમાનુ આળ કે ઠપકો’, ‘ગુનાની શિક્ષા’, ‘અન્ય દેશ સાથે યુદ્ધ’, ‘વિદ્યા પ્રાપ્ત’ કરવા જેવાં નિમિત્તો હોય છે.

‘શીલોપદેશમાલા-બાલાવબોધ’ [૨૧] માં અગડદત્તના કથાનકમાં ‘ગૃહત્યાગ’નું કથાઘટક પ્રયોજાયું છે. શંખપુરના સુંદર રાજાની રાણી સુલસાને અગડદત્ત નામે પુત્ર હતો. અગડદત્ત

---
૨૦ શામળકૃત રૂપાવતી,સં. હસુ યાજ્ઞિક, પૃ. ૮૩
૨૧ શીલોપદેશમાલા-બાલાવબોધ,પૃ.૧૫૫

સ્વરૂપવાન અને પરાક્રમી હતો. સાથેસાથે સર્વદોષોથી ભરેલો હતો. એકવાર પ્રજાજનોએ રાજાને અગડદત્તના વર્તન વિશે ફરિયાદ કરી. ફરિયાદના કારણે રાજાએ રાજકુમારને ઠપકો આપ્યો. જેથી રાજકુમાર રિસાઇને રાત્રે ગૃહત્યાગ કરે છે. અહી અગડદત્તનાં 'ગૃહત્યાગ'માં 'રાજાનો ઠપકો' નિમિત્ત બને છે.

'સિંહાસનબત્રીસી'[૨૨]ની છઠ્ઠી કથામાં 'અબોલારાણી'નું કથાનક આલેખન પામ્યું છે. જેમાં પહેલી અવાંતર કથા ચાર નિર્માતા અને એક સુંદરી છે. આ અવાંતરકથામાં બ્રાહ્મણ, વૈશ્ય, સોની અને સાળવી એ ચાર મિત્રો હતા. આ ચારેય મિત્રો કોઇ કામધંધો કરતા ન હતા. જેથી તેમનાં માતા-પિતા તેમને મૂરખાપણાનું મ્હેણું મારે છે. જેથી ચારેય મિત્રો વિદ્યા મેળવવા ગૃહત્યાગ કરે છે. આ અવાંતરકથામાં 'વિદ્યા કે અભ્યાસ' 'ગૃહત્યાગ' માં નિમિત્ત બને છે.

'ચંદ્ર-ચંદ્રાવતી વારતા'[૨૩]માં 'ગૃહત્યાગ'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. શ્રીપત રાજાને ચંદ્રસેન નામનો બત્રીસલત્રણો પુત્ર હોય છે. ચંદ્રસેન ધાર્મિક ભાવનાથી પ્રેરાઇ પિતાની સંમતિ લઇને અડસઠ તીરથની યાત્રાએ નીકળી પડે છે. આ કથામા 'ગૃહત્યાગ'ના નિમિત્તમાં 'યાત્રા કે જાત્રા' મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

'સિંહાસનબત્રીસી' [૨૪] ની ત્રીસમી કથામાં 'ભરથરી'નું કથાનક આવે છે.આ કથાનકમાં 'દેશવટા'નું કથાઘટક પ્રયોજાયું છે. ઉજેણીના અપુત્રરાજા કૃતવર્માએ ઉત્તરાધિકારી માટે હાથણીને શણગારી. હાથણીને જુદા-જુદા રાજાઓ પાસે મોકલી.જેમાં પરદેશથી ભરથરી અને વિક્રમ બન્ને ભાઇઓ આવ્યા હોય છે. શણગારેલી હાથણી ભરથરીને માથે કળશ ઢોળે છે. જેથી કૃતવર્માની કુંવરી અનંગસેનાના લગ્ન ભરથરી સાથે થાય છે. ભરથરી અનંગસેના પર અત્યંત મુગ્ધ હતો. જેથી રાજકાજમાં ધ્યાન આપી શકતો નહીં. વિક્રમના કહેવાથી તે ફરી રાજકાજમાં ધ્યાન આપવા લાગ્યો.આથી અનંગસેનાને પોતાની ઉપેક્ષા થઈ એવું લાગ્યું. જેથી અનંગસેના વિક્રમ પર પોતાની લાજ લેવાનું આળ મૂકે છે. એ નિમિત્તે વિક્રમને 'દેશવટો' પ્રાપ્ત થાય છે.

---

૨૨સિંહાસનબત્રીસી, પૃ.૩૨૬
૨૩ ચંદ્ર-ચંદ્રાવતી વારતા,પૃ.૬
૨૪ સિંહાસનબત્રીસી, મધ્યકાલીન કથાકોશ, પૃ.૨૦૧

* **દોહદનું કથાઘટક :**

'દોહદ'નું કથાઘટક કથામાં વિશિષ્ટ રીતે પ્રયોજાતું હોય છે. 'દોહદ'સગર્ભા સ્ત્રીઓને ગર્ભાધાન અવસ્થા દરમિયાન થતો હોય છે. જેથી તેનો પતિ પોતાની રાણીના દોહદને ગમે તે પરિસ્થિતિમાં પૂર્ણ કરે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં દોહદનું કથાઘટક નીચે મુજબ કૃતિઓમાં પ્રયોજાયું છે.

'અભયકુમાર મંત્રીશ્વર રાસ'[૨૫]માં 'દોહદનું કથાઘટક આલેખન પામ્યું છે. શ્રેણિકની રાણી ચેલ્લાણા ગર્ભવતી હોય છે. ગર્ભવતી ચેલ્લાણાને પોતાના પતિ શ્રેણિકનું માંસ ખાવાનો 'દોહદ' થાય છે. જેથી અભયકુમાર સસલાનું માંસ મંગાવે છે. જે શ્રેણિકના પેટે ગુપ્તપણે બાંધી દે છે. આથી તે કાપીને રાણીને ખવડાવે છે. આ રીતે અભયકુમાર શ્રેણિકની રાણી ચેલ્લાણાનો 'દોહદ'પૂર્ણ કરે છે. આ જ કથામાં શ્રેણીક રાજાને ધારિણી નામની રાણી હતી. રાણી ગર્ભવતી હોય છે. ત્યારે તેને ગ્રીષ્મઋતુમાં અકાળે મેઘવૃષ્ટિ જોવાનો દોહદ થાય છે. ત્યારે અભયકુમાર પરિચિત દેવની સહાય વડે મેઘવૃષ્ટિ કરાવે છે. જેથી રાણીનો દોહદ પૂર્ણ થાય છે.

'મૃગાવતીચરિત્રચોપાઈ'[૨૬]માં 'દોહદ'નું કથાઘટક પ્રયોજાયું છે. આ વત્સદેશના પાટનગર કૌશાંબીમાં  શતાનીક નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને મૃગાવતી નામની અત્યંત સ્વરૂપવાન પત્ની હતી. શતાનીકની રાણી મૃગાવતી ગર્ભવતી હોય છે ત્યારે તેને લોહીથી ભરેલી વાવમાં સ્નાન કરવાનો 'દોહદ' જાગે છે.જેથી પ્રધાન ઉદ્યાનમાં વાવડીના પાણીમાં લોહી ભરેલા કુંડનો આભાસ કરાવે છે. જેથી મૃગાવતી લોહી ભરેલી વાવમાં સ્નાન કરી પોતાનો'દોહદ'પૂર્ણ કરે છે.

* **નજરકેદનું કથાઘટક :**

'નજરકેદ'નું કથાઘટક મધ્યકાલીન સાહિત્યમાં વિશિષ્ટ રીતે પ્રયોજાયું છે. આ કથાઘટકમાં રાજકુમારી કે રાણીને નજરકેદમાં રાખી હોય છે. રાજા કે પિતા રાજકુમારીના શીલઅર્થે કે અન્ય પુરુષનો સંગ ન થાય તે માટે કે પછી ભવિષ્યમાં પુત્રીને પરણનાર પોતાના મૃત્યુનું કારણ બનશે એ

---

૨૫અભયકુમાર મંત્રીશ્વર રાસ, મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, પૃ.૯
૨૬મૃગાવતીચરિત્ર ચૌપઇ, પૃ. ૮

રોકવા અર્થે તેને એકાંતવાસમાં નજરકેદ રાખે છે. આ નજરકેદમાં રાજકુમારી પોતાની સખી કે માતા સિવાય અન્ય કોઈનો સંપર્ક કરી શકતી નથી. આ કથાઘટકની વિશિષ્ટતા એ છે કે નાયિકા યેનકેન પ્રકારે નાયકનાં સંપર્કમાં આવે છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય સંદર્ભે આ કથાઘટકને તપાસીએ.

જર્નાદનકૃત 'ઉષાહરણ'[૨૭]માં 'નજરકેદ'નું કથાઘટક પ્રયોજાયું છે. શોણિતપુરના રાજા બાણાસુર શિવની આરાધના કરે છે. ભગવાન શિવ તેને પ્રસન્ન થઈ વરદાન માંગવાનું કહે છે. ત્યારે બાણાસુર હજાર હાથનું વરદાન માંગે છે. હજાર હાથવાળો બાણાસુર મદમાં છક થઈ જાય છે. તે શિવને પોતાની સાથે લડવાનું કહે છે. ત્યારે શિવ કહે છે તારી પુત્રીનો વડસસરો તારા મૃત્યુનું કારણ થશે. જેથી પોતાના મૃત્યુના ડરે બાણાસુર ઉષાને એકાંતવાસમાં નજરકેદમાં રાખે છે. એ છતાં ઉષા-અનિરુદ્ધનું મિલન થાય છે. આ રીતે 'નજરકેદ'નું આ કથાઘટક કૃતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

'ધમ્મિલકુમારનો રાસ'[૨૮]માં 'નજરકેદ'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. ધનગિરિ નામે એક જોગીએ જોગ ત્યજીને એક બાલિકાને વનમાં એકાંત ભોયરામાં રાખી હતી. તે યુવાન થતાં તેની સાથે ભોગવિલાસ કરવા લાગ્યો. તે જ્યાં જ્યાં ભિક્ષા માંગતો ત્યાં-ત્યાં પોતાને ઘેર સતી છે એવું કહેતો. એક વાણિયો તક જોઈને જોગી બ્રાહ્મણના ઘરમાં ઘૂસ્યો. બંધ કમાડ પાછળ જોગીની સ્ત્રી અને વાણિયો સંગમસુખ માણતા.

શિવદાસકૃત 'કામાવતીની કથા'[૨૯]માં 'નજરકેદ'નું કથાઘટક પ્રયોજાયું છે. કામાવતી અને કરણકુંવર પાટણપુર આવીને રહે છે. કામાવતી પોતાનાં ગુજરાનઅર્થે ભરત ભરેલી પછેડી બનાવે છે. આ પછેડી કરણકુંવરને વેચવા બજારમાં મોકલે છે. ભરત ભરેલી પછેડીમાં કન્યાનું રૂપ જોતાં ત્યાંના રાજા પછેડી બનાવનારીને હસ્તગત કરવાનું વિચારે છે. જેથી વીરસેન કામાવતીને આવી બીજી પછેડી બનાવવાના બહાને તેડાવી લાવે છે. પછેડીની કિંમત ચૂકવીને કરણકુંવરને અન્ય માર્ગે મોકલી દે છે. કરણકુંવર રાજાના આ કપટને જાણી જાય છે. આ બાજુ કામાવતી સ્ત્રીચરિત્ર આદરીને ચાર મહિના સુધી નજરકેદમાં રહે છે. આ રીતે 'નજરકેદ'માં રહીને કામાવતી પોતાનાં શીલની રક્ષા કરે છે.

---

૨૭ જર્નાદનકૃત ઉષાહરણ,પૃ.૫૮
૨૮ ધમ્મિલકુમારનો રાસ, મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, પૃ.૧૫૫-૧૫૬
૨૯ શિવદાસકૃત 'કામાવતીની કથા, પૃ. ૧૪૦-૧૪૧

## • નાયક કે નાયિકાનાં અપહરણનું કથાઘટક :

'પૃથ્વીચંદ્રચરિત્ર'[30] માં 'નાયિકાનાં અપહરણ'નું કથાઘટક પ્રયોજાયું છે. આ કથામાં નાયિકાનું અપહરણ' રાજહંસ એટલે કે પક્ષી દ્વારા થાય છે. મહારાષ્ટ્રના પ્રતિષ્ઠાન નગરમાં પૃથ્વીચંદ્ર રાજ્ય કરતો. એકવાર તેની રાજસભામાં અયોધ્યાના રાજદૂતે આવીને કહ્યું : ચોમાસામાં તળાવમાં જળ ભરાયું ત્યારે રાજા, રાણી અને રત્નમંજરી સરોવર જોવા આવે છે. રત્નમંજરી રાજાના ખોળામાં બેઠી હોય છે ત્યારે સરોવરમાંથી રાજહંસ આવે છે. જે રાજાના હાથ પર બેસી જાય છે. કુંવરી રાજા પાસેથી રાજહંસ માંગે છે ત્યારે રાજા એ આપી દે છે. એ સમયે હંસ જમણી પાંખનો વિસ્તાર કરીને તેમાં કુંવરી ઢાંકી દઈને તેને લઈને ઊડે છે. હંસ કુંવરીને લઈને સરોવરમાં અદશ્ય થઈ જાય છે. આ રીતે પક્ષી દ્વારા 'નાયિકાનું અપહરણ' થાય છે.

'નાયિકાનું અપહરણ'ના આ કથાઘટકનું સામા છેડાનું કથાઘટક 'નાયકનું અપહરણ' પણ મળે છે. આ વિલક્ષણ કથાઘટક કૃતિની રસાત્મકતામાં ઓર વધારો કરે છે. જર્નાદનકૃત 'ઉષાહરણ'[31] માં નાયિકાને બદલે 'નાયકનું અપહરણ' થાય છે. અહીં ઈષ્ટભાવનાથી પ્રેરાઈને નાયકનું અપહરણ થાય છે. નાયકના અપહરણમાં નાયિકાની સખી મદદગાર બને છે. એકવાર ઉષાને સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં તે અનિરુદ્ધ સાથે વિવાહ કરે છે. સ્વપ્નમાંથી તે બેબાકળી બનીને જાગે છે. ઉષા અનિરુદ્ધને પોતાના મહેલમાં શોધે છે. પરંતુ અનિરુદ્ધ ક્યાંયથી પ્રાપ્ત થતો નથી. જેથી ઉષા પોતાની સખી ચિત્રલેખાને પોતાના સ્વપ્નના સ્વામીની વાત કરે છે ને તેને મેળવી આપવાનું કહે છે. જેથી ચિત્રલેખા દ્વારકામાંથી અનિરુદ્ધનું અપહરણ કરીને ઉષા પાસે લાવી આપે છે.

એ જ રીતે 'માધવાનલ કામકંદલા પ્રબંધ'[32]માં પણ નાયિકાના બદલે 'નાયકનું અપહરણ' થાય છે. એકવાર માધવને તેની માતાએ ફૂલ લેવા વાડીમાં મોકલ્યો હોય છે. ત્યારે એક જક્ષણી વાડીમાં આવે છે. ત્યાં આવીને જક્ષણી ગીધડીનું રૂપધારણ કરે છે. ગીધડીનું રૂપધારણ કરેલી જક્ષણી માધવનું અપહરણ કરીને લઈ જાય છે.

---

૩૦ પૃથ્વીચંદ્રચરિત્ર, પૃ. ૧૪૦
૩૧ જર્નાદનકૃત ઉષાહરણ, પૃ. ૬૦
૩૨ માધવાનલ કામકંદલા પ્રબંધ, પૃ. ૧૨૩-૧૨૪

- **પરકાયા પ્રવેશનું કથાઘટક :**

'પરકાયા પ્રવેશ'નું કથાઘટક રામાયણ-મહાભારતથી માંડીને અનેક કથાઓમાં પ્રાપ્ત થાય છે. 'પરકાયા પ્રવેશ'માં એક વ્યકિતનો આત્મા અન્ય વ્યકિતના દેહમાં પ્રવેશ કરે છે. 'પરકાયા પ્રવેશ' કરેલો આત્મા અન્ય વ્યકિતના સમગ્ર ચેતનાતંત્ર પર કાબુ મેળવી પોતે ઇચ્છિત કાર્ય કરાવે છે.

શામળ ભટ્ટકૃત 'સિંહાસનબત્રીસી'[૩૩] માં 'પરકાયા પ્રવેશ'નું કથાઘટક આલેખાયું છે. એકવાર એક સિદ્ધે વિક્રમને પરકાયા પ્રવેશનો મંત્ર આપ્યો. પરકાયા પ્રવેશનો મંત્ર વિક્રમ એક નાવીને શીખવે છે.એકવાર સેના સાથે શિકારે ગયેલો વિક્રમ સેનાથી વિખૂટો પડે છે અને વિક્રમ એક હરણનો શિકાર કરે છે. પછી સિદ્ધે આપેલા મંત્રની કસોટી કરવા વિક્રમ હરણના શરીરમાં પ્રવેશે છે. નાવી ત્યાં હાજર હોય છે. વિક્રમની આ ઘટનાને તે નિહાળતો હોય છે. જેથી નાવી વિક્રમના ખોળિયામાં પ્રવેશે છે. ત્યારે નાવી હરણરૂપી વિક્રમને મારવા દોડે છે. પરંતુ હરણ હાથમાં આવતું નથી. નાવીરૂપી વિક્રમ નગરીમાં પાછો આવે છે. વડી રાણીને પટરાણી સમજી તેનો હાથ પકડી સ્નેહવચનો કહે છે. જેથી તેને વિક્રમ હોવાની શંકા જાય છે. આ રીતે નાવી વિક્રમનાં શરીરમાં પ્રવેશ કરીને પોતે ઇચ્છિત કાર્યો કરાવે છે.

'વેતાલ પચીસી'[૩૪]માં 'પરકાયા પ્રવેશ'નું કથાઘટક પ્રયોજાયું છે. 'વેતાલ પચીસી'ની બધી વાર્તાઓમાં વેતાલ શબમાં પ્રવેશ કરે છે. તે આ કથાઘટકનું અદ્‌ભુત નિરૂપણ છે. એક દિગંબર સાધુ કાળી ચૌદશને દિવસે વિક્રમને પૂજાસામગ્રી લઇ સ્મશાનમાં જાય છે. સાધુ વિક્રમને શીમળાના વૃક્ષની ડાળી પર લટકતા શબને, મૌન જાળવી, લઇ આવવાનું કહે છે ને ચેતવણી આપે છે કે જો તું મૌનનો ભંગ કરીશ તો શબ ઊડીને પાછું ચાલ્યું જશે. વિક્રમ મૃતદેહને ખાંધે લઇ ચાલવા માંડે છે ત્યારે મૃતદેહમાં પ્રવેશેલો વેતાલ વિક્રમને એક પછી એક પચ્ચીસ વાર્તાઓ કહે છે.

'ધમ્મિલકુમાર રાસ'[૩૫]માં કુલટા ચરિત્રનું કથાનક આલેખન પામ્યું છે. તેમાં 'પરકાયા પ્રવેશ' નું કથાઘટક પ્રયોજાયું છે. એકવાર શ્રીદત્તને વેપારઅર્થે પરદેશ જવાનું થાય છે. જેથી તેને પોતાની પત્ની જયશ્રીને પિયર મોકલી. પિયરમાં જયશ્રી ઇચ્છા પ્રમાણે વર્તન કરવા લાગી. સમય

---

૩૩ સિંહાસનબત્રીસી, પૃ.૩૭૭
૩૪ વેતાલ પચીસી, મધ્યકાલીન કથાકોશ, પૃ.૨૮૮
૩૫ ધમ્મિલકુમાર રાસ, મધ્યકાલીન કથાકોશ, પૃ. ૧૫૫

જતાં શ્રીદત્ત પરદેશથી ધન કમાઇને આવે છે. તે પોતાની પત્નીને લેવા સાસરી જાય છે. રાત્રે પતિને સૂતો રાખી  જયશ્રી પ્રેમીને મળવા જાય છે. મોડું થતાં પ્રેમી ચાલ્યો જાય છે. એવામાં એક કોટવાળ સ્ત્રીસંગ કરીને પાછા વળતા રાજપુરુષને ચોર સમજીને મારી નાખે છે. ત્યારે કામાતુર બનેલી જયશ્રી એ મડદાને વળગી જઇને ચુંબન કરવા લાગે છે. બાજુના ઝાડ પર એક ભૂતડાંએ વાસ કર્યો હોય છે. એ ભૂતડાંનો આત્મા  મૃત શરીરમાં પ્રવેશ કરે છે, અને તેની સાથે સંભોગ કરે છે.

- **પ્રિયજનનાં મેળાપની યુક્તિનું કથાઘટક :**

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'પ્રિયજનની મેળાપની યુક્તિ'નું કથાઘટક એક વિશિષ્ટ કથાપ્રયુક્તિ તરીકે આલેખન પામ્યું છે. પ્રિયજનના મિલન માટે જુદી-જુદી પ્રયુક્તિઓ પ્રયોજવામાં આવતી હોય છે. જેમકે પૂર્વભવ દર્શાવતી ચિત્રાવલિ, પોતાનું ચિત્ર કે પ્રતિકૃતિ અથવા તો અન્ય વ્યક્તિનું ચિત્ર કે પ્રતિકૃતિ, તળાવ ખોદાવવાની પ્રયુક્તિ વગેરે. આ જુદી-જુદી યુક્તિઓ વડે વિખૂટી પડેલી વ્યક્તિઓનું મિલન થતું હોય છે. મધ્યકાલીન કથાસાહિત્યમાં આ યુક્તિઓ વિવિધ રીતે પ્રયોજાઇ છે જે નીચે મુજબ દર્શાવી શકાય.

'હંસાઉલી'[૩૬]માં 'પ્રિયજનનાં મેળાપની યુક્તિનું'નું કથાઘટક પ્રયોજવામાં આવ્યું છે. આ કથામાં 'પૂર્વભવ દર્શાવતી ચિત્રાવલિ' દ્વારા પ્રિયજનનું મિલન થાય છે. ચિત્રકાર બનેલાં પ્રધાનને કુંવરીએ સુંદર ચિત્રો દોરી આપવાનું કહ્યું. જેથી ચિતારાએ વન, આંબાનું ઝાડ, પોપટ-પોપટી અને બચ્ચાં, દાવાનળ, પાણી લેવા જતો પોપટ, પોપટી અને બચ્ચાનું અગ્નિસ્નાન વગેરે પ્રસંગોની ચિત્રાવલિ શીર્ષકો સાથે આલેખી.હંસાવલીએ ચિત્રપટમાં પોતાનાં પૂર્વભવનાં પ્રસંગો ઓળખ્યા. પોપટનો પ્રેમ જોઇને તે વિલાપ કરતી મૂર્છિત થઇ. ત્યારે ચિતારાએ તેનાં કાનમાં કહ્યું : 'પોપટ ફરી અવતર્યો છે. શક્તિના પ્રભાવે હું જાણું છું કે પોપટ પ્રતિષ્ઠાનના યાદવવંશી શાલિવાહનના પુત્ર નરવાહન રાજા તરીકે અવતરેલો છે'. આ રીતે 'પૂર્વભવ દર્શાવતી ચિત્રાવલિ' દ્વારા પૂર્વભવે છૂટા પડેલાં પ્રિયજનોનું મિલન થાય છે.

---

૩૬ હંસાઉલી, પૃ.૧૯

જનાર્દનકૃત 'ઉષાહરણ'[૩૭] માં 'પ્રિયજનનાં મેળાપની યુક્તિ'નું કથાઘટક પ્રયોજાયું છે. ઉષાનો સ્વપ્નમાં અનિરુદ્ધ સાથે સંયોગ થાય છે. સ્વપ્નમાંથી જાગી જતાં તેને વિરહ થાય છે. આથી ઉષા પોતાની સખી ચિત્રલેખાને પોતાના સ્વપ્નનો સ્વામી લાવી આપવાનું કહે છે. ચિત્રલેખા પાતાળલોક, પૃથ્વીલોક અને સ્વર્ગલોકના દેવતાઓને ચિતરે છે. ઉષા આ બધામાં મારાં સ્વપ્નનો સ્વામી નથી એમ કહે છે. ત્યારે ચિત્રલેખા કૃષ્ણનું ચિત્ર દોરે છે. પછી ઉષા અનિરુદ્ધનું ચિત્ર દોરે છે. ઉષા પોતાનાં સ્વપ્નનાં સ્વામીને પારખી જાય છે. ચિત્રલેખા અનિરુદ્ધને ઉષા પાસે લાવી આપે છે. આ રીતે સ્વપ્નમાં પરણેલી વ્યકિતનું મિલન 'ચિત્રપટ' દ્વારા થાય છે.

શિવદાસકૃત 'કામાવતીની કથા'[૩૮] માં 'પ્રિયજનનાં મિલન'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. કામાવતીની કથામાં પ્રિયજનનું મિલન 'સરોવર ખોદાવવાની યુક્તિ' વડે થાય છે. વણિકપુત્ર કરણકુંવર વેપારઅર્થે ગૃહત્યાગ કરે છે. અનેક સમસ્યાઓનો સામનો કરતા-કરતા કરણકુંવર કામાવતીને પ્રાપ્ત કરે છે. પંદર વરસથી વિખૂટા પડેલા કરણકુંવરને પોતાનાં માતા-પિતાનું સ્મરણ થાય છે. જેથી તેમની તપાસ કરાવવા માટે પ્રધાનને પોતાના દેશ મોકલે છે. ત્યાં માતા-પિતાની ભાળ મળતી નથી. જેથી માતા-પિતાની ભાળ મેળવવા કરણકુંવર સરોવર ખોદાવડાવે છે. પછી ત્યાં કામની શોધમાં તેના માતા-પિતા અને તેમની બે પુત્રવધૂઓ આવે છે. કરણકુંવર તેમને ઓળખી જાય છે. આ રીતે 'સરોવર ખોદાવવાની યુક્તિ' વડે વિખૂટો પડેલો પરિવાર ફરીથી એક થાય છે.

- **પુરુષદ્વેષિણી નાયિકાનું કથાઘટક :**

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'પુરુષદ્વેષિણી નાયિકા'નું કથાઘટક જુદી-જુદી કથાઓમાં નિરૂપાયેલું છે. પૂર્વભવના સ્મરણને કારણે નાયિકામાં પુરુષ પ્રત્યેનો દ્વેષ જોવા મળે છે. જેથી નાયિકા લગ્ન કરતી નથી. જો તેની સામે રસ્તામાં કે બીજી કોઇ જગ્યાએ પુરુષ જોવા મળે તો તેનો વધ કરાવે છે. આ કથાઘટકની વિશેષતા એ છે કે નાયક યેનકેન પ્રકારે કોઇ યુકિતપૂર્વક નાયિકાનો 'પુરુષદ્વેષ' દૂર કરે છે ને તેની સાથે લગ્ન કરે છે.

૩૭ જર્નાદનકૃત ઉષાહરણ, પૃ.૬૦
૩૮ શિવદાસકૃત કામાવતીની કથા,પૃ.૧૬૫

શિવદાસકૃત 'કામાવતીની કથા'[૩૯]માં 'પુરુષદ્વેષિણી નાયિકા'નું કથાઘટક આલેખાયું છે. કામાવતી કનકદેશના રાજા કામસેનની પુત્રી છે. પૂર્વજન્મના સ્મરણને કારણે કામાવતી રોજ પુરુષોનો ઘાત કરતી. તે દર રવિવારે પૂજાઅર્થે જતી અને માર્ગમાં જે પુરુષો પ્રાપ્ત થતા તે પુરુષોની હત્યા કરતી. કેમકે પૂર્વ જન્મમાં કામાવતી પોપટી હતી. એકવાર વનમાં આગ લાગી. જેથી પોપટ આગને ઓલવવાં પાણી લેવા જાય છે. પોપટને આવતા વાર લાગે છે. આગ છેક માળા સુધી પહોંચી જાય છે. પોપટ આવે છે. તે આગ ઓલવવાં જાય છે ત્યારે ઝાળ લાગવાથી જીવ બચાવવા પાછો ખસે છે. જેથી પોપટી નવા અવતારે હું રાજકુમારી તરીકે જન્મું અને બધા પુરુષોનો ઘાત કરું એવી ઈચ્છાથી બચ્ચા સહિત બળી મરે છે. આ કારણે કામાવતી આ જન્મમાં પુરુષદ્વેષિણી નાયિકા બને છે. ચંદનાવતી નગરના રાજા ચિત્રસેનના દરબારમાં એક બ્રાહ્મણે કામાવતીના રૂપનાં વખાણ કર્યા. જેથી ચિત્રસેન કામાવતીને મેળવવા પોતાના પ્રધાનને મોકલે છે. પ્રધાન કામાવતીનો પુરુષદ્વેષ દૂર કરવા એક પ્રયુકિત કરે છે. પ્રધાન શનિવારે મંદિરમાં જઈને મંદિર અંદરથી બંધ કરી દે છે ને મંદિર પાછળ સંતાઈ જાય છે. બીજા દિવસે કામાવતી મંદિરનાં દ્વાર બંધ જુએ છે ને દેવીમાતાને કોપનું કારણ પૂછે છે. ત્યારે મૂર્તિ પાછળ સંતાયેલ પ્રધાન કામાવતીને'પુરુષદ્વેષ' ત્યજીને ચિત્રસેન રાજા સાથે વિવાહ કરવાનું કહે છે. આ રીતે પ્રધાન યુક્તિપૂર્વક કામાવતીનો 'પુરુષદ્વેષ' છોડાવીને ચિત્રસેન સાથે લગ્ન કરાવે છે.

ઉદયભાનુકૃત 'વિક્રમચરિત્ર રાસ'[૪૦]માં 'પુરુષદ્વેષિણી નાયિકા'નું કથાઘટક જુદી રીતે પ્રાપ્ત થાય છે. એકવાર વિક્રમરાજા સ્વપ્નમાં ચંપાનગરીની સુંદર રાજકુમારી સાથે લગ્ન કરે છે. સ્વપ્નકુમારીને પ્રધાન છ માસમાં મેળવી આપવાનું કહે છે. પ્રધાનને એક અવધૂત પાસેથી વાત જાણવા મળે છે કે ચંપાનગરીની અતિસુંદર રાજકુમારી પૂર્વભવનાં સ્મરણને કારણે આ ભવમાં પુરુષદ્વેષિણી બની છે. આથી પ્રધાન અને વિક્રમ વેશપલટો કરીને ચંપાનગરીમાં આવે છે. પ્રધાને એક માલણ દ્વારા જાણ્યું કે રાજકુમારી મહિનામાં ચાર વાર ચામુંડાના દર્શનાર્થે મંદિરે જાય છે ને ત્યાં પુરુષનો બલિ આપે છે. પ્રધાન જડીબુટ્ટીની સહાયથી રૂપપરિવર્તન કરે છે. તે સ્ત્રીનું રૂપધારણ કરે છે ને વિલાપ કરવા લાગે છે.તે કહે છે : 'મારો પતિ મને છોડીને ચાલી નીકળ્યો છે.' આથી લીલાવતી પ્રધાનરૂપી સ્ત્રીને પોતાનાં મહેલમાં લઈ જાય છે. લીલાવતીને વિશ્વાસમાં લઈને પ્રધાન તેને

૩૯ કામાવતીની કથા, પૃ.૧૨૮
૪૦ ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ, પૃ.૧૭,૧૮

પુરુષદ્વેષનું કારણ પૂછે છે. જેથી લીલાવતી જણાવે છે કે આગલા જન્મમાં પોતે મૃગલી હતી. વનમાં દવ લાગતા તેનો પતિ તેને છોડીને ચાલ્યો જાય છે. તેથી બચ્ચાં સહિત તે દાવાનળમાં બળી મરે છે. લીલાવતીની વાત સાંભળીને પ્રધાન અને વિક્રમ એક યુકિત કરે છે. તેઓ એક નાટક મંડળી ઊભી કરાવે છે. જે જોવા લીલાવતી પણ આવે છે. વિક્રમ યોગીનો વેશ ધારણ કરે છે. નાટકમાં વિક્રમ અને લીલાવતી વચ્ચે પુરુષ નિંદાપાત્ર કે સ્ત્રી નિંદાપાત્ર એ બાબતે વિવાદ થાય છે. યોગી પોતાના સમર્થનમાં પૂર્વજન્મની વાત કરતાં કહે છે કે વનમાં દાવાનળમાં મૃગલી બે બચ્ચાં પોતાની પાસે રાખીને નાસી ગઈ, એ કારણે પોતે આ અવતારમાં યોગી બનીને સ્ત્રીને વર્જ્ય ગણે છે. લીલાવતી યોગીના મતનો વિરોધ કરે છે. ત્યારે કામદેવની મૂર્તિમાં પ્રવેશેલો વેતાળ કહે છે મૃગ અને બચ્ચાંને મૃગલી છોડીને નાસી ગઈ તે વાત યોગીની સાચી છે. ને વળી કહે છે આ યોગી જ લીલાવતીના પૂર્વભવનો પતિ છે. લીલાવતી યોગીને પગે લાગીને તેની સાથે પરણે છે. અહીં વિક્રમ અને પ્રધાન નાટિકાની યુક્તિ દ્વારા નાયિકાનો 'પુરુષદ્વેષ' દૂર કરે છે.

'હંસાઉલી'[૪૧]ની કથામાં 'પુરુષદ્વેષિણી નાયિકા'નું કથાઘટક પ્રયોજાયું છે. નરવાહન રાજાને કનકાપૂરીની કુંવરી હંસાવલી સાથે પોતાનાં લગ્ન થાય છે એવું સ્વપ્ન આવે છે. જેથી પ્રધાન રાજાને સ્વપ્નની રાજકુમારી એક માસમાં લાવી આપવાનું કહે છે. ત્યારબાદ પ્રધાન અને રાજા કનકપુર તરફ પ્રયાણ કરે છે. કનકપુરમાં આવીને તેઓ માલણને ત્યાં રોકાય છે. માલણ નગરીની વિશેષતા જણાવે છે કે રાજકુમારી હંસાવલી આઠમ, ચૌદશ, પૂનમ, રવિવાર ને સોમવારે પાંચસો હથિયારબંધ ઘોડેસવાર સ્ત્રીઓ સાથે શકિત પીઠની પૂજા કરવા નીકળે છે. એ દરમિયાન રસ્તામાં જો કોઈ પુરુષ મળે તો  તેનો વધ થાય છે. પ્રધાન એકવાર મૂર્તિ પાછળ સંતાઈ જાય છે. કુંવરીને આવતાં જ તે બોલવાં લાગે છે : 'પાપણી !તું મારા મઢમાંથી ચાલી જા, તેં ઘણી નરહત્યા કરી છે.' ત્યારે કુંવરી દેવીને પોતાનાં પૂર્વભવની કથા કહેતા જણાવે છે કે દાવાનળમાં પોતાનો પતિ તેમને એકલાં મૂકીને નાસી ગયો. જેથી આ ભવમાં પોતે પુરેુદ્વેષિણી બની છે. ત્યારે દેવીની પાછળ સંતાયેલો પ્રધાન કહે છે તારાં પતિએ જે સાહસ કર્યું હતું તેની તને ખબર નથી તો તું હવે મારી પૂજા કરવા ન આવતી. ત્યારે કુંવરી પુરુષ હત્યા ન કરવાનું કહી પોતાને ક્ષમા કરવાનું કહે છે. એથી આગળ પ્રધાન પૂર્વભવ દર્શાવતી ચિત્રાવલિઓ દોરે છે. જેમાં પોપટી અને બચ્ચાનાં અગ્નિસ્નાન પછી પોપટ પોતે દુઃખી થઈ અગ્નિસ્નાન કરે છે. આ રીતે હંસાવલીનો 'પુરુષદ્વેષ' દૂર થતાં તે નરવાહનને પ્રાપ્ત કરે છે.

---

૪૧હંસાઉલી, પૃ.૧૩,૧૪

## • મૃતસંજીવનનું કથાઘટક :

'સિંહાસનબત્રીસી'[૪૨] ની બીજી કથા 'વિધાતાની વાર્તા'માં 'મૃત-સંજીવન'નું કથાઘટક પ્રયોજાયું છે. એકવાર શિકારે ભૂલો પડેલો વિક્રમ બ્રાહ્મણને ત્યાં રાતવાસો કરે છે. મધ્યરાત્રિએ વિધાતા બ્રાહ્મણને ત્યાં જન્મેલા બાળકના છઠ્ઠીના લેખ લખવા આવે છે. વિક્રમ વિધાતાને બ્રાહ્મણ પુત્રના શું લેખ લખ્યાં છે તે જાણવા માંગે છે. ત્યારે વિધાતા વિક્રમને કહે છે કે બ્રાહ્મણપુત્ર નવમા વરસે જ્યારે લગ્નવેળા ચોરીમાં મંગળફેરા ફરતો હશે ત્યારે ચોથા ફેરામાં વાઘ તેને મારી નાખશે. વિધાતાએ લખ્યા લેખ પ્રમાણે બ્રાહ્મણપુત્ર નવમાં વરસે ચોથા ફેરે મૃત્યુ પામે છે. વિક્રમે બ્રાહ્મણપુત્રના દેહને પેટીમાં મૂકી તેને સંજીવન કરવાના ઉપાયમાં નીકળી પડે છે. રસ્તામાં વિક્રમ એક બળતા નાગને પોતાના શીતળ પેટમાં આશ્રય આપે છે. એથી વિક્રમની હાલત ગંભીર થતાં પેટ ફૂલી જાય છે ને બજાર વચ્ચે પડે છે. નગરીના રાજા, આપકર્મી દીકરીને મરણતોલ પથારીએ પડેલાં વિક્રમ સાથે પરણાવે છે. એકવાર, રાત્રિએ જાગતી કુંવરી વિક્રમના પેટમાંથી અડધો બહાર નીકળેલો નાગ જૂએ છે. એ સમયે ઘરના ખૂણામાં દરમાંથી બીજો નાગ નીકળે છે. બન્ને વચ્ચે વાતચીત થાય છે. એ સાંભળી લઇ કુંવરી દરમાં ઊકળતું તેલ રેડે છે, એમાંથી ધનનો ચરુ નીકળે છે. પછી છાશ અને ઝેરકોચલું પાઇ વિક્રમને સાજો કરે છે. બન્ને પ્રાયશ્ચિત કરવાં બંને કાશીએ કરવત મૂકાવા જાય છે. ત્યારેરસ્તામાં એક નાગણ પણ મળે છે. વિક્રમ એને સમગ્ર ઘટના કહે છે. નાગણ વિક્રમને અમૃત આપે છે. એ અમૃત વડે વિક્રમ બંને નાગ અને બ્રાહ્મણપુત્રને 'સજીવન' થાય છે.

'ધમ્મિલકુમાર રાસ'[૪૩] માં 'મૃત-સંજીવન'નું કથાઘટક આલેખન પામ્યું છે. એકવાર અગડદત્ત અને મદનમંજરી વનમાં વિહાર કરવા જાય છે. રાત્રિ પડતાં બન્ને ત્યાં જ રોકાય જાય છે. રાત્રે ઊંઘતા મદનમંજરીને સાપ કરડે છે. મદનમંજરીને મૃત્યુ પામેલી જોઇ અગડદત્ત દુઃખી થાય છે. તેની સાથે પોતે ચિતામાં બળવા તૈયાર થાય છે. એટલામાં આકાશમાર્ગેથી બે વિદ્યાધરો આવે છે. અગદત્તને એમ કરતાં અટકાવે છે. તેઓ મંત્રજલ છાંટીને મદનમંજરીને 'સંજીવન' કરે છે. આમ, આ કથામાં મંત્રજલ દ્વારા મદનમંજરી 'સંજીવન' થાય છે.

---

૪૨ સિંહાસનબત્રીસી, પૃ.૯૮
૪૩ધમ્મિલકુમારનો રાસ, મધ્યકાલીન કથાકોશ, પૃ.૧૫૩

'માધવાનલ કામકંદલા પ્રબંધ' [૪૪] માં 'મૃત-સંજીવન'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. વિક્રમ કામકંદલાના પ્રેમની પરીક્ષા કરવા વણિકનો વેશ ધારણ કરીને તેની પાસે આવે છે. વિક્રમ કામકંદલાના આવાસે જતા તેને માધવની વિરહથી પિડાતી જોઇ. વિક્રમે કામકંદલાને અનેક પ્રલોભનો આપી પોતાની સાથે રહેવાનું કહ્યું. તેને માધવની ઘણી નિંદા કરી અને કહ્યું કે માધવ તો ઉજેણી નગરીની વેશ્યાઓમાં રખડતો. એક વેશ્યાએ તેને મદિરામાં ઝેર પાઇ મારી નાખ્યો. તેનો અગ્નિદેહ મેં જ આપ્યો. એ ક્ષણે જ આઘાત લાગવાથી કામકંદલાનું પ્રાણ પંખીડું ઉડી જાય છે. વિક્રમ આવીને સઘળી બીના માધવને કહે છે. કામકંદલાના વિરહમાં માધવનું મૃત્યુ થાય છે. એ જોઇ વિક્રમ કટારી કાઢી આત્મઘાત કરવા તૈયાર થાય છે.એ સમયે વેતાળ પાતાળમાં જઇ અમૃત લાવે છે. અમૃત છાંટવાથી માધવ-કામકંદલા 'સજીવન' બને છે.આ રીતે અમૃત 'મૃત-સંજીવન' કાર્યમાં અગત્યનું કથાઘટક બને છે.

- **રૂપ-પરિવર્તનનું કથાઘટક :**

'રૂપપરિવર્તન'નું કથાઘટક વૈદિકાળથી લઇને રામાયણ-મહાભારતમાંથી પ્રાપ્ત થાય છે. 'રૂપપરિવર્તન' જુદી-જુદી રીતે થતું હોય છે. જેમકે 'માનવનું અન્ય માનવરૂપે', ' માનવનું પ્રાણીરૂપે', 'માનવનું પક્ષીરૂપે', 'માનવનું પદાર્થરૂપે' વગેરે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'રૂપપરિવર્તન'નું કથાઘટક વિવિધ રીતે પ્રયોજાયું છે.

'શીલોપદેશમાલા-બાલાવબોધ' [૪૫] માં ઋષિદત્તાનું કથાનક આલેખન પામ્યું છે. તેમાં 'માનવમાંથી અન્ય માનવ' અર્થાત 'સ્ત્રીમાંથી પુરુષ'માં થતું 'રૂપપરિવર્તન'નું આલેખન થયું છે. ઋષિદત્તા પર મૃત્યુના કલંકનું આળ મૂકવામાં આવે છે. જેથી રાજા ઋષિદત્તાને વનમાં જઇને મારી નાખવાનો આદેશ આપે છે. નગરરક્ષકો ઋષિદત્તાને મારતા નથી ને વનમાં છોડી દે છે. બેભાન થયેલી ઋષિદત્તા જાગે છે. તે પોતાના પિતાને પ્રાર્થના કરે છે કે આ વનમાં હું મારું શીલ કેવી રીતે સાચવીશ? ત્યારે અગાઉ પોતાના પિતાએ દર્શાવેલી ઔષધિ યાદ આવે છે. ઔષધિ કાને બાંધવાથી ઋષિદત્તા સ્ત્રીમાંથી પુરુષ બની જાય છે. તે ઋષિદત્ત એવું નામ ધારણ કરીને વનમાં રહે છે.

૪૪ માધવાનલ કામકંદલા પ્રબંધ',પૃ.૩૭૩
૪૫શીલોપદેશમાલા-બાલાવબોધ, પૃ. ૯૯

'જંબુસ્વામી રાસ'[૪૬]માં 'વાનરનું માનવરૂપે' થતું 'રૂપપરિવર્તન'નું કથાઘટક આલેખાયું છે. એક જંગલમાં વાનર અને વાનરી સુખેથી રહેતા હતા. એકવાર રમત-રમતમાં વાનર ઝાડ પરથી નીચે પડી જાય છે. નીચે પડતાં જ તીર્થના પ્રભાવે વાનર મનુષ્ય બની જાય છે. વાનરનું મનુષ્યરૂપ જોઈને વાનરી વંજુલાના ઝાડ પરથી નીચે પડે છે. વાનરી સ્વરૂપવાન સ્ત્રી બની જાય છે. વાનરમાંથી મનુષ્ય બનેલાં વાનરને લોભ થાય છે ને દેવ બનવાના કોડ જાગે છે. જેથી તે વાનરીને ફરીથી ઝાડ પરથી કૂદવાનું કહે છે. નારી વાનરને જેટલું મળ્યું છે એનાથી સંતોષ માનવાનું સમજાવે છે. તેમ છતાં વાનરરૂપી નર માનતો નથી. ને ઝાડ પરથી કૂદકો લગાવે છે. ભૂમિના પ્રભાવે તે ફરીથી વાનર બની જાય છે.

'સિંહાસનબત્રીસી'[૪૭]ની 'ત્રીસમી કથામાં 'રૂપપરિવર્તન'નું કથાઘટક પ્રયોજાયું છે. વિક્રમ એકવાર કામરૂદેશમાં જાય છે. ત્યાંની સ્ત્રીઓ કામણ-ટૂમણ કરીને પરદેશથી આવેલાં પુરુષોને ઢોર બનાવી દેતી. વિક્રમનો અનુચર ત્યાં આવેલો જેથી ત્યાંની એક સ્ત્રી અનુચરને બળદ બનાવી દે છે. તેની પાસે ખેતર ખેડાવાનું કામ કરે છે. એકવાર શિવદેહરાએ તેને બાંધેલો હતો ત્યારે પાર્વતીની કૃપાથી બે બાળકો અનુચરને બળદમાંથી મનુષ્ય બનાવે છે. પેલી સ્ત્રી વાત જાણતા તે બે બાળકોને પથ્થરના પૂતળાં બનાવી દે છે. વિક્રમે આ વાત જાણી તેથી કામાક્ષાદેવીની સ્તુતિ કરી. કામાક્ષીદેવીએ હજારો માણસોને બળદ, પાડા ને ગધેડાના રૂપમાં જોયા. જેથી કામાક્ષીદેવી સૌને પુનઃ માનવી બનાવી દે છે.

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં ઉપર મુજબ વિધવિધ કથાઘટકો પ્રાપ્ત થાય છે. આ કથાઘટકોમાંથી પસંદગીનાં થોડાંક કથાઘટકોનું જુદી-જુદી કૃતિઓમાં આલેખન કેવી રીતે થયું છે તે જોયું. આ કથાઘટકોના અભ્યાસ પરથી એટલું તારવી શકાય છે કે એ કથાકાર-કવિઓએ આ કથાઘટકોને પ્રયોજવાની કેવી સૂઝ કેળવી હશે તે જણાય છે. આ કથાઘટકો એમણે વિના કારણ તો નહિ જ પ્રયોજ્યાં હોય. આ કથાઘટકોના આલેખન વડે કથારસ દ્રવતો રહ્યો છે ને કથા રસપ્રદ-જીવંત બની છે. વળી, મધ્યકાળના કવિઓએ તો કથાને પ્રજાસમૂહ વચ્ચે ગાઈ સંભળાવાની-કહેવાની હતી. એટલે એ કથામાં પ્રયોજાયેલાં કથાઘટકો જેટલાં જીવંતએટલી જ કથા વેગવાન બને,

૪૬ જંબુસ્વામી રાસ, મધ્યકાલીન કથાકોશ, પૃ.૧૮
૪૭સિંહાસનબત્રીસી, મધ્યકાલીન કથાકોશ, પૃ. ૨૦૨

અને તો જ પ્રજાસમૂહને એ કથાઓમાં રસ પડે. આમ કથાઘટકનું આલેખન એ કથાકથન કથારચનની પાયાની બાબત છે. આ કથાઘટકો કથાવિકાસમાં વિશિષ્ટ ભૂમિકા પણ ભજવતાં હોય છે. ઉદા. તરીકે ‘કામાવતીની કથા’માં ‘પ્રિયજનનાં મિલનની પ્રયુકિત’નું કથાઘટક ન પ્રયોજાયું હોત તો કથામાં કેવી મૂશ્કેલી ઊભી થાત? અને કથાના દોરને આગળ વધારામાં કે કથાવિકાસમાં સમસ્યા સર્જાઇ હોત. એ દષ્ટિએ જોતાં કથાઘટકો કથામાં કેવાં કાર્યસાધક બની રહે છે, કથાને ઉપકારક બનીને કથાતંતુનો વિકાસ સાધે છે તેજાણી શકાય છે. અહીં પસંદગીની કેટલીક કૃતિઓના સંદર્ભે મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં પ્રયોજાયેલાં જે કથાઘટકોની તારવણી કરી છે, તે સમગ્ર કૃતિ સંદર્ભમાંપણ જીવંત, રસમય અને સૌંદર્યવાન જણાયાં છે.

**સંદર્ભ પુસ્તકો :**

ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ સંપાદિત બૃહત્ કાવ્યદોહન, પુનઃ સં. બળવંત જાની, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પુનઃ સં.આ.૧૯૯૯

ઉદયભાનુકૃત વિક્રમચરિત્રરાસ, સં. બલવંતરાય ક.ઠાકોર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૭૧

કામાવતી, સં.  હસુ યાજ્ઞિક, પાર્શ્વપબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૩

ચંદ્ર-ચંદ્રાવતી વારતા, સં. હીરા રામનારાયણ પાઠક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ૧૯૬૮

પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્યો, સં.કેશવરામ કાશીરામ શાસ્ત્રી, ભો.જે.અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, સં. આવૃત્તિ, ૨૦૦૫

મલયચન્દ્રકૃત સિંહાસનબત્રીસી, રણજીત મો.પટેલ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૭૦

મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, સં. હરિવલ્લભ ભાયાણી,ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર,પ્રથમ ખંડ,૧૯૯૨

મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ એક અભ્યાસ, હસુ યાજ્ઞિક, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૧૨

મધ્યકાલીન નંદબત્રીસી પરંપરા અને શામળ, ડો. કૌશી મ. ચાવડા,પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૯

માધવાનલ કામકંદલા પ્રબંધ, સં. એમ. આર. મજમુદાર, ઓરિયન્ટલ ઈન્સ્ટિટ્યુટ, બરોડા, ૧૯૪૨

મૃગાવતી ચરિત્ર ચૌપઈ, સં.અગરચંદ નાહટા અને ડો. રમણલાલ ચિ. શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,૧૯૭૮

નંદબત્રીસી, સં. હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્કિકેશન, અમદાવાદ, બી.આ. ૨૦૦૮

પંચદંડની વાર્તા, સં. સોમાભાઈ પારેખ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૭૪

પૃથ્વીચંદ્રચરિત્ર, સં. ભારતી રાજેન્દ્ર પંડયા, ગૂર્જર એજન્સીઝ, અમદાવાદ,૧૯૯૨

રૂપસુંદર - કથા, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ત્રી.આ. ૨૦૧૦

રૂપાવતી, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ત્રી.આ. ૨૦૦૯

શામળ ભટ્ટકૃત સિંહાસનબત્રીસી, સં.અંબાલાલ બુલાખીરામ જાની, ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ, પુનર્મુદ્રણ : ૧૯૯૪

શીલોપદેશમાલા-બાલાવબોધ, સં. હ. ચૂ. ભાયાણી અને અન્ય, એલ. ડી. ભારતીય સંસ્કુતિ વિદ્યામંદિર, અમદાવાદ, ૧૯૮૦

શૃંગારમંજરી, હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૦

હંસાઉલિ, સં. કેશવરામ કાશીરામ શાસ્ત્રી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ